ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

International Year of Cooperatives 2025

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 73 ■ અંક : 09 ■ તારીખ : 05, ઓગષ્ટ, 2025 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

### કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવાયા

## પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજનાને 6 વર્ષ માટે મંજૂરી : વાર્ષિક રૂ. 24000 કરોડનો ખર્ચ

નવી દિલ્હી : વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલ કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં દેશના કૃષિ અને ઉર્જા ક્ષેત્રને નવી દિશા આપનારા ત્રણ મોટા નિર્ણયોને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં એક તરફ કૃષિ જિલ્લાઓના સમગ્ર વિકાસની યોજનાઓને સ્વીકૃતિ આપવામાં આવી છે.

બીજી તરફ રિન્યુએબલ એનર્જીમાં મોટા પાયે રોકાણનો માર્ગ મોકળો થઈ ગયો છે. કેબિનેટે પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજનાને 2025-26થી શરૂ કરી છ વર્ષો માટે મંજૂરી આપી છે. તેનો લક્ષ્યાંક 100 કૃષિ જિલ્લાઓનો વિકાસ કરવાનો છે. આ યોજના નીતિ આયોગના આકાંક્ષી જિલ્લા કાર્યક્રમથી પ્રેરિત છે.

કેબિનેટે તારીખ 16-07-2025ના રોજ 6 વર્ષ માટે પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજનાને મંજૂરી આપી છે જેમાં 24,000 કરોડ રૂપિયાના વાર્ષિક ખર્ચ સાથે 100 જિલ્લાઓને સામેલ કરવામાં આવશે. આ યોજનાથી 1.7 કરોડ ખેડૂતોને મદદ મળવાની આશા છે.

પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજનાને 11 મંત્રાલયોની 36 યોજનાઓના કો-ઓર્ડિનેશન દ્વારા અમલમાં મૂકવામાં




આવશે. જેમાં રાજ્ય સરકારની યોજનાઓ અને ખાનગી ક્ષેત્રની ભાગીદારી પણ સામેલ કરાશે. 100 જિલ્લાઓની પસંદગી ઓછી ઉત્પાદકતા, ઓછી પાક સાયકલ અને ઓછુ લોન ડિસ્ટ્રિબ્યુટેશન જેવા ત્રણ મુખ્ય માપદંડોને આધારે કરવામાં આવશે. દરેક રાજ્યમાંથી ઓછામાં ઓછા એક જિલ્લાને સામેલ કરવામાં આવશે.

કેબિનેટે એનટીપીસી લિમિટેડને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં રોકાણ માટે વર્તમાન મર્યાદાથી ઉપર જઈને 20,000 કરોડ રૂપિયા સુધીના રોકાણને મંજૂરી આપી છે.

આ રોકાણ એનટીપીસી ગ્રીન એનર્જી લિમિટેડ (એનજીઈએલ) અને તેની સહાયક કંપનીઓ અને સંયુક્ત ઉપક્રમો દ્વારા કરવામાં આવશે. જેથી 2030 સુધી 60 ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ક્ષમતા પ્રાપ્ત કરી શકાય. એનએલસી ઈન્ડિયા લિમિટેડને પણ 7000 કરોડ રૂપિયાના રોકાણની વિશેષ મંજૂરી આપવામાં આવી છે. જે આ રકમ પોતાની પૂર્ણ સ્વામિત્વવાળી સહાયક કંપની એનએલસી ઈન્ડિયા રિન્યુએબલ લિમિટેડ (એનઆઈઆરએલ) દ્વારા રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટમાં લગાવશે.

**■ ઓક્ટોબરથી શરૂ થનારી યોજનામાં દેશના 100 જિલ્લાઓને સામેલ કરાશે : 1.7 કરોડ ખેડૂતોને લાભ થશે**
**■ એનએલસી ઈન્ડિયા લિમિટેડને પણ 7000 કરોડ રૂપિયાના રોકાણની વિશેષ મંજૂરી**
**■ એનટીપીસીને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં રૂ. 20,000 કરોડ સુધીના રોકાણને લીલીઝંડી**

## કો-ઓપરેટિવ બેંક ઓફ ઈન્ડિયા (કોબી) 20મી રાષ્ટ્રીય કક્ષાની સહકારી સંસ્થા બનશે

નવી દિલ્હીઃ ભારત સરકારે મલ્ટિ-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ, 2002ના બીજા શેડ્યૂલમાં કો-ઓપરેટિવ બેંક ઓફ ઈન્ડિયા (કોબી)નો સત્તાવાર રીતે સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં તાજેતરમાં એક ગેઝેટ જારી કરવામાં આવ્યું છે. જેમાં કો-ઓપરેટિવ બેન્ક ઓફ ઈન્ડિયા (કોબી)ને 20મી એપેક્ષ સહકારી સંસ્થા તરીકે તેને માન્યતા આપવામાં આવી છે.

કો-ઓપરેટિવ બેન્ક ઓફ ઈન્ડિયાની ૩૨ વર્ષ અગાઉ સ્થાપના કરવામાં આવી હતી તે વખતના સ્થાપકોમાં સર્વ શ્રી બી. એસ. વિશ્વનાથન, શ્રી ઘનશ્યામભાઈ અમીન, શ્રી સુરેશ પ્રભુએ અને અન્ય સહકારી આગેવાનોના સુચનથી આ બેંકની રચના કરી હતી. બેન્ક દ્વારા ઘણા વર્ષોથી બેન્કિંગ લાયસન્સ મેળવવા પ્રયત્નો કરવામાં આવતા હતા પરંતુ અધિકારીઓ એક યા બીજા કારણો બતાવી લાયસન્સ આપવામાં અડચણો ઊભી કરતા હતા. કોબીને આ ઐતિહાસિક સિદ્ધિ મેળવવા માટે 32 વર્ષ રાહ જોવી પડી છે. દેશભરના સહકારી નેતાઓએ આ નિર્ણયને આવકારતા કહ્યું છે કે તેનાથી સહકારી નાણાકીય પ્રણાલીમાં સ્થિરતા અને વિશ્વસનીયતાના નવા યુગની શરૂઆત થશે.

કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે ઘણી વાર કહ્યું છે કે સરકાર સહકારી ક્ષેત્રને સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કો-ઓપરેટિવ બેન્ક ઓફ ઈન્ડિયા (કોબી)નો બીજા શિડ્યૂલમાં સમાવેશ કરવામાં આવેલ છે. જે ભારતમાં સહકારી સંસ્થાઓ માટે સમર્પિત ક્લિયરિંગ મિકેનિઝમ સ્થાપિત કરવા માટેની મંત્રીશ્રીની કલ્પના તરફનું નક્કર પગલું છે. વર્ષ 2024માં કોબીની ચૂંટણી યોજાતાં ગુજરાતના સહકારી અગ્રણી અને અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક અને ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેન્ક લિ.ના ચેરમેન શ્રી અજયભાઈ પટેલે ચૂંટણીમાં ઝંપલાવતાં રાજ્ય અને રાષ્ટ્રિય અગ્રણી, કોબીના પૂર્વ ચેરમેન એવા માન.શ્રી ઘનશ્યામભાઈ અમીનનો પૂર્ણ સહયોગ મળતાં શ્રી અજયભાઈ પટેલ સર્વાનુમતે બિનહરીફ ચેરમેન તરીકે ચૂંટાઈ આવ્યા. તેઓ કેન્દ્રના સહકારિતા અને ગૃહ મંત્રી માન. શ્રી અમિતભાઈ શાહના નજીકના સાથી હોવાને કારણે તેઓએ કોબીનું લાયસન્સ મેળવવા માટેના પ્રયત્નો ગતિમાન કરતાં હાલ



કોબીને સહકારી કાયદા મુજબ જાહેરનામું બહાર પાડી એપેક્ષ સહકારી સંસ્થાઓમાં દાખલ કરવામાં આવી છે. આમ કો-ઓપરેટિવ બેન્ક ઓફ ઈન્ડિયા દેશની ૨૦ મી એપેક્ષ સહકારી સંસ્થા બની. આમ આ સઘળા પ્રયત્નો માટે માન.શ્રી અજયભાઈ પટેલ યશના અધિકારી છે.

આમ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના અધ્યક્ષશ્રી અજયભાઈ પટેલ અને સહકાર અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના સહયોગથી કોબીને શિડ્યૂલ સ્ટેટસમાં સમાવેશ કરવાની સફળતા પ્રાપ્ત થઈ છે.

આ ક્રમમાં, કોબીએ રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક (નાબાર્ડ) ની પરામર્શ શાખા NABCONSને બિઝનેસ પ્લાન તૈયાર કરવાનું કામ સોંપ્યું છે, જે બેંન્કિંગ લાઈસન્સ મેળવવા માટેની પૂર્વ શરત છે. અપેક્ષિત નિયમનકારી મંજૂરી પછી કોબી દેશની સહકારી ક્ષેત્રની કેન્દ્રીય નાણાકીય સંસ્થા બનવાની દિશામાં આગળ વધશે, જે સહકારી સંસાધનોના અસરકારક પ્રવાહને સુનિશ્ચિત કરી નાણાકીય રીતે આત્મનિર્ભરતાને મજબૂત બનાવશે.

કો-ઓપરેટિવ બૅન્ક ઑફ ઈન્ડિયા, (કોબી) ન્યૂ દિલ્હી સાથે દેશની સંખ્યાબંધ સહકારી સંસ્થાઓ જોડાયેલી છે. જેવી કે, દેશની સ્ટેટ કો-ઑપરેટિવ બૅન્કો, દેશની લૅન્ડ મોર્ગેજ બૅન્કો, નેશનલ લેવલની એપેક્ષ સહકારી સંસ્થાઓ જેવી કે, એન.સી.યુ.આઈ., ઈફકો, ક્રિભકો, ઓલ ઈન્ડિયા સુગર ફેડરેશન, એન.સી.સી.એફ., નાફસ્કોબ વગેરે ઉપરાંત મલ્ટી સ્ટેટ કો-ઑપરેટિવ એકટ હેઠળ રજિસ્ટર્ડ થયેલી અર્બન કો- ઓપરેટિવ બૅન્કો જેવી કે, સારસ્વત કો-ઓપરેટિવ બેન્ક, કોસ્મોસ બેન્ક, એસ.વી.સી. કો-ઓપરેટિવ બેન્ક વગેરે સંસ્થાઓ સભ્ય તરીકે જોડાયેલી છે.

કોબીએ અધિકૃત શેરની મૂડી 100 કરોડથી વધારીને 1000 કરોડ કરવાની દરખાસ્ત પસાર કરી છે, જે ટૂંક સમયમાં મંજૂરી માટે સેન્ટ્રલ રજિસ્ટ્રાર, કો-ઓપરેટિવ સોસાયટીઝ (સીઆરસીએસ) ને સબમિટ કરવામાં આવશે.

### રાષ્ટ્રીય સહકારિતા નીતિ-2025નું અનાવરણ

## રાષ્ટ્રીય સહકારિતા નીતિનો ધ્યેય દરેક તાલુકામાં 5 મોડેલ સહકારી ગામો વિકસાવવાનો છે : શ્રી અમિતભાઈ શાહ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સહકારિતા નીતિ - 2025નું અનાવરણ કર્યું. આ પ્રસંગે કેન્દ્રીય સહકારી રાજ્યમંત્રી કૃષ્ણ પાલ ગુર્જર, મુરલીધર મોહોલ, સહકારી સચિવ ડૉ. આશિષ કુમાર ભૂટાની અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી સુરેશ પ્રભુ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. રાષ્ટ્રીય સહકારિતા નીતિ - 2025ના અનાવરણ કાર્યક્રમને સંબોધતા કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે સુરેશ પ્રભુની આગેવાની હેઠળની 40 સભ્યોની સમિતિએ ઘણા ભાગીદારો સાથે વાતચીત કરીને દેશના સહકારી ક્ષેત્રને સંપૂર્ણ અને દૂરંદેશી સહકારી નીતિ રજૂ કરી છે.

સમિતિ અંગે માહિતી આપતાં સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે સહકારી ક્ષેત્રના સારા ભવિષ્ય માટે, 40 સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી, જેણે પ્રાદેશિક કાર્યશાળાઓ યોજી હતી અને સહકારી ક્ષેત્રના નેતાઓ, નિષ્ણાતો, શિક્ષણવિદો, મંત્રાલયો સહિત તમામ પક્ષો સાથે વિશેષ ચર્ચા કરીને સહકારી નીતિ બનાવી હતી. સમિતિને લગભગ 750 સૂચનો મળ્યા, 17 બેઠકો યોજાઈ અને પછી RBI અને NABARD સાથે પરામર્શ કરીને નીતિને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે વર્ષ 2002માં પહેલી વાર ભારત સરકારે સહકારી નીતિ રજૂ કરી હતી, તે સમયે પણ તેમનો પક્ષ સત્તામાં હતો અને સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયી પ્રધાનમંત્રી હતા. આજે 2025માં, જ્યારે ભારત સરકારે બીજી વખત સહકારી નીતિ રજૂ કરી છે, ત્યારે પણ આપણી સરકાર છે અને નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી છે. શ્રી શાહે કહ્યું હતું કે જે પક્ષ સરકારના વિઝન અને ભારત અને તેના વિકાસ માટે જરૂરી બાબતોને સમજે છે તે જ સહકારી ક્ષેત્રને મહત્વ આપી શકે છે.

કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે નવી સહકારી નીતિ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકાર દ્વારા સમૃદ્ધિ'



ના વિઝનને પૂર્ણ કરવા તરફ એક ઐતિહાસિક પગલું છે. મોદી સરકારે લક્ષ્ય રાખ્યું છે કે વર્ષ 2027 સુધીમાં આપણે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઉભરીશું. આ સાથે, ભારત પર 140 કરોડ નાગરિકોના સમાન વિકાસની જવાબદારી પણ છે. તેથી ભારતનો મૂળ વિચાર એવો મોડેલ બનાવવાનો છે જેમાં દરેક વ્યક્તિ સામૂહિકતાથી વિકાસ કરે, દરેક વ્યક્તિ સમાન રીતે વિકાસ કરે અને દેશ દરેકના યોગદાનથી વિકાસ કરે.

વધુમાં શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સ્વતંત્રતા પછી લગભગ 75 વર્ષ પછી સહકાર મંત્રાલયની રચના કરી. આ મંત્રાલયની સ્થાપના સમયે સહકારી ક્ષેત્ર જર્જરિત સ્થિતિમાં હતું. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકાર દ્વારા સમૃદ્ધિ'ના સંકલ્પને પૂર્ણ કરવા માટે સ્થાપિત સહકાર મંત્રાલયની સૌથી મોટી સિદ્ધિ એ છે કે દેશના નાનામાં નાના સહકારી એકમનો સભ્ય પણ ગર્વ અને આત્મવિશ્વાસથી ભરેલો છે. તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા ચાર વર્ષમાં, સહકારી ક્ષેત્ર દરેક સ્તરે કોર્પોરેટ ક્ષેત્ર સાથે સમાનતાના પાયા પર ઊભું રહ્યું છે. વર્ષ 2020 પહેલા, કેટલાક લોકોએ સહકારી ક્ષેત્રને મૃત્યુ પામતું ક્ષેત્ર જાહેર કર્યું હતું, પરંતુ આજે તે જ લોકો કહે છે કે સહકારી ક્ષેત્રનું પણ ભવિષ્ય છે.

કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે દેશ માટે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવું ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ આ સાથે દેશના 140 કરોડ લોકોના વિકાસની પણ ચિંતા હોવી જોઈએ. માત્ર સહકારી ક્ષેત્ર જ 140 કરોડ લોકોને એકસાથે રાખીને દેશની અર્થવ્યવસ્થાનો વિકાસ કરવાની ક્ષમતા ધરાવે છે. માત્ર સહકારી ક્ષેત્ર પાસે જ નાની મૂડીથી ઘણા લોકોને એકસાથે લાવીને મોટી મૂડીની વ્યવસ્થા કરીને ઉદ્યોગો સ્થાપવાની ક્ષમતા છે. તેથી, સહકારી નીતિ બનાવતી વખતે, એ ધ્યાનમાં રાખવામાં આવ્યું હતું કે આ નીતિનું કેન્દ્રબિંદુ 140 કરોડ લોકો, ગામડાઓ, કૃષિ, ગ્રામીણ મહિલાઓ, દલિતો અને આદિવાસીઓ પર હોવું જોઈએ.

નવી સહકારી નીતિનું વિઝન 2047

અનુસંધાન પાના નંબર : 3

## NCUIના પ્રતિનિધિ મંડળે ગુજરાત રાજ્ય સહકારી સંઘની મુલાકાત લીધી

અમદાવાદ : આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ 2025ની ઉજવણીના ભાગ રૂપે, ભારતભરની વિવિધ સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓને ગુજરાતના સમૃદ્ધ અને નવીન સહકારી ચળવળનો પ્રત્યક્ષ અનુભવ મળે તે માટે રાષ્ટ્રીય સહકારી સંઘ (NCUI)નું 10 વ્યક્તિઓનું પ્રતિનિધિ મંડળ તા. 3થી 7 જુલાઈ, 2025 દરમિયાન ગુજરાતની પાંચ દિવસની અભ્યાસ મુલાકાતે આવ્યું હતું.

આ પ્રતિનિધિ મંડળે તા. 4- 7-2025ને શુક્રવારના રોજ ગુજરાત રાજ્ય સહકારી સંઘની મુલાકાત લીધી હતી. જેમાં રાષ્ટ્રિય સહકારી આગેવાન અને રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ એચ. અમીને પ્રતિનિધિમંડળનું સ્વાગત કર્યું હતું. ગુજરાતની સહકારી પ્રવૃત્તિના ઈતિહાસ, વ્યૂહરચનાઓ, સહકારી નીતિ અને નેતૃત્વ માળખા અંગે માર્ગદર્શન આપી રાજ્યની સહકારી શિક્ષણ, તાલીમ અને પ્રકાશનની કામગીરીથી વાકેફ કર્યા હતા. તેમજ રાજ્ય સહકારી સંઘના સ્માર્ટ બોર્ડ, પ્રોજેક્ટ અને વિડીયો કોન્ફરન્સ રૂમ, બેઠક વ્યવસ્થા વગેરે અદ્યતન સાધન સગવડથી તેઓએ ખુશી વ્યક્ત કરી હતી.

પ્રતિનિધિ મંડળને પ્રોજેક્ટર દ્વારા રાજ્ય સહકારી સંઘના 6 વ્યવસ્થાપન કેન્દ્રો, કેન્દ્રોની અદ્યતન સુવિધાઓ અને સ્ટાફની લાયકાત અંગે માહિતી આપવામાં આવી હતી. એનસીયુઆઈના પ્રતિનિધિ મંડળે વ્યવસ્થાપન કેન્દ્રોને અદ્યતન



ગુજરાતની સહકારી ચળવળના અભ્યાસ પ્રવાસે NCUIનું પ્રતિનિધિ મંડળ

ટેક્નોલોજીથી સજ્જ બનાવવા બદલ રાજ્ય સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનને અભિનંદન આપી બિરદાવ્યા હતા. આ મુલાકાત દરમિયાન પ્રતિનિધિ મંડળ તા. 5 જુલાઈના રોજ આણંદમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ દ્વારા થયેલ ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના ભૂમિપૂજન સમારોહમાં ઉપસ્થિત રહ્યું હતું. અને અભ્યાસ પ્રવાસ દરમિયાન અમૂલ ડેરી પ્લાન્ટ અને આણંદમાં અમૂલ ચોકલેટ ફેક્ટરીની મુલાકાત લઈ વિશ્વ વિખ્યાત અમૂલ સહકારી મોડેલનો અભ્યાસ કર્યો.

ઉપરાંત ગુજરાતમાં સહકારી માર્કેટિંગ અને પુરવઠા માટેની સર્વોચ્ચ સંસ્થા, ગુજકોમાસોલ, ગુજરાતના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળો જેમ કે મહાત્મા ગાંધી સાથે સંકળાયેલ અમદાવાદમાં સાબરમતી આશ્રમ અને સરદાર વલ્લભભાઈ પટેલના વારસાને યાદ કરતી એકતા નગર, નર્મદામાં ભવ્ય સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી.

### આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ -2025 ની ઉજવણીના ભાગરૂપે

# સરકારી ઈજનેરી કોલેજ ભાવનગર અને શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, નારીના સંયુક્ત ઉપક્રમે સરકારી ઈજનેરી કોલેજ ભાવનગર ખાતે સહકારી સેમિનાર યોજાયો

ભાવનગર : આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ-2025ની ઉજવણીના ભાગરૂપે યુવાનો મહિલાઓ માટે સહકારી ક્ષેત્રમાં યોગદાન અને રોજગારીની તકો એ વિષય ઉપર સહકારી સેમિનાર યોજવામાં આવેલ. આ પ્રસંગે ઈજનેરી કોલેજની સાંસ્કૃતિક કમિટી દ્વારા સમગ્ર કાર્યક્રમનુ આયોજન કરાયું. સહુ પ્રથમ કોલેજનાં અધ્યાપક શ્રી ચિંતનભાઈ ગજ્જર દ્વારા સમગ્ર કાર્યક્રમના હેતુ અને ઉપયોગિતા વિષે ઉપસ્થિત વિદ્યાર્થી ભાઈઓ બહેનોને માહિતી અપાઈ.

ત્યારબાદ કાર્યક્રમનાં વકતાઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં તજજ્ઞ વક્તા તરીકે જિલ્લા રજિસ્ટ્રારશ્રી ભાવનગરની કચેરીમાંથી મદદનીશ સહકારી શ્રી હિરેનભાઈ ભટ્ટ અને શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર નારીનાં અધ્યાપક શ્રી સંદીપભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યાં હતા.

શરૂઆતમાં સૌપ્રથમ વક્તવ્ય આપતાં શ્રી હિરેનભાઈ ભટ્ટે સહકારી પ્રવૃતિની શરૂઆત સહકારી માળખા વિષે વિવિધ પ્રકારની મંડળીઓની રચના કેવી રીતે થાય આ બધી બાબતમાં પ્રાથમિક માહિતી પૂરી પાડી હતી. શ્રી સંદિપભાઈ ઠાકરે સહકારી પ્રવૃત્તિમાં યુવાનો અને મહિલાઓનું યોગદાન તથા રોજગારીની તકો એ વિષય ઉપર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતીપ્રદ વકતવ્ય આપ્યું હતું. અને



વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર,નારીની કામગીરી,સહકારી શૈક્ષણિક અભ્યાસક્રમો અને સંસ્થા વિષે વિગતવાર માહિતી આપી હતી.

આ સમગ્ર સેમિનારને સફળ બનાવવા માટે સરકારી ઈજનેરી કોલેજનાં પ્રિન્સિપાલ શ્રી પ્રો.ડો. મંગલભાઈ ભટ્ટ તેમજ શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્રના પ્રિન્સિપાલ શ્રી દીપકભાઈ રાવલની પ્રેરણા અને માર્ગદર્શન મળેલા હતાં. સમગ્ર સેમિનારની સફળતા માટે સરકારી ઈજનેરી કોલેજ,ભાવનગરની સાંસ્કૃતિક કમિટીનાં હેડ પ્રો. નિશાબેન જાડેજા,સભ્યો પ્રો. ચિંતનભાઈ ગજ્જર,પ્રો. ધારાબેન દવે,પ્રો. વિશાલભાઈ આંદોદરીયાએ,તેમજ વૈકુંઠભાઈ મહેતા સહ. વ્ય. કેન્દ્રનાં ક્લાર્ક શ્રી મયુરભાઈ જોશીએ ખૂબ જહેમત ઉઠાવી .આ સેમિનારમાં વિવિધ ઈજનેરી શાખાઓના 50 જેટલા વિદ્યાર્થી ભાઈઓ બહેનો જોડાયા હતાં.

### બાગાયતી પાકોનું વાવેતર કર્યુ

# પ્રાકૃતિક ખેતી અપનાવી રૂણીના ખેડૂત આત્મનિર્ભર થયા

પાલનપુર : રાજ્યમાં વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થાય તે માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ખેડૂતો માટે વિવિધ સહાય સહિત અનેક પ્રયાસો હાથ ધરાયા છે.

બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના રૂણી ગામના ખેડૂત વિનોદભાઈ ચૌધરી ત્રણ વર્ષથી દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિને અપનાવીને અન્ય ખેડૂતો માટે પ્રેરણા સ્રોત બન્યા છે. તેમણે પોતાના ખેતરને પ્રાકૃતિક મોડેલ ફાર્મ બનાવ્યું છે તથા બાગાયતી પાકોનું વાવેતર કર્યું છે.

વિનોદભાઈએ દેશી ગાય નિભાવ યોજના હેઠળ ગુજરાત સરકાર પાસેથી રૂપિયા 10,800 અને પંચસ્તરીય મોડેલ ફાર્મ માટે રૂપિયા 13,000ની સહાય મેળવી છે. સરકારની બાગાયતી પાકના

**વાર્ષિક ચાર લાખથી વધુનો નફો મેળવ્યો**

વાવેતરમાં 50 ટકાની સહાય મેળવી છે. તેઓ જણાવે છે કે તેમણે પોતાના ખેતરમાં પંચસ્તરીય મોડેલ ફાર્મ બનાવ્યું છે. ચાલુ વર્ષે તેમણે પોતાના ખેતરમાં બાગાયતી પાકમાં પપૈયા, મગફળી, જામફળ, ચીકુ, આંબા તેમજ શાકભાજીમાં ડુંગળીની ખેતી કરીને સારું એવું ઉત્પાદન પણ મેળવ્યું છે. આ વાવેતરમાં તેમને વાર્ષિક કુલ રૂ 93,000/નો ખર્ચ થયો હતો. આ ખર્ચની સામે તેમણે વાર્ષિક રૂ. 4,70,000/નો ચોખ્ખો નફો મેળવ્યો છે.

### આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ-2025 : ખેડા જિલ્લા સહકારી સંઘ, નડીયાદ દ્વારા

# ડિજિટલ કો-ઓપરેટિવ અવેરનેસ અને પેક્સ મંડળીઓમાં ઉભરતી તકનીક : સેમિનાર યોજાયો

મહેમદાવાદ : આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ-2025ની ઉજવણીના ભાગરૂપે ખેડા જિલ્લા સહકારી સંઘ, નડીયાદ દ્વારા આયોજિત સહકારી સંસ્થાઓનો ડિજિટલ કો-ઓપરેટિવ અવેરનેસ અને પેક્સ અને ઉભરતી તકનીકોનું ડ્રાઈવ મહેમદાવાદ મુકામે યોજવામાં આવ્યો જેમાં જિલ્લા રજિસ્ટ્રાર શ્રી સ્તુતિબેન રાવલ, ખેડા જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ બી.પટેલ(પીજ) તથા ખેડા જિલ્લા ખરીદ-વેચાણ સંઘના ચેરમેન અને ગુજરાત રાજ્ય સંઘ તથા ખેડા જિલ્લા સહકારી સંઘના ડિરેકટર શ્રી જયરામભાઈ રબારી આ ઉપરાંત ગુજરાત રાજય સહકારી સંઘ અમદાવાદના આસિ. એક્ઝિક્યુટિવ ઓફિસર અને નડિયાદ સ્થિત શ્રી છોટાલાલ વ્યાસ સહકારી તાલીમ કેન્દ્રના પ્રિન્સિપાલ શ્રી શિતલકુમાર પી. ભટ્ટ તથા ખેડા જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભરતભાઈ એસ.સોલંકી આ પ્રસંગે ઉપસ્થિત રહી મહેમદાવાદ તાલુકાની દૂધ અને સેવા સહકારી મંડળીના સેક્રેટરીશ્રીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ કાર્યક્રમની આભાર વિધિ સંઘના સી.ઈ.આઈ શ્રી પ્રતિકકુમાર એમ.પટેલ ધ્વારા કરવામાં આવી.સમગ્ર પ્રોગ્રામનું સંચાલન ખેડા જિલ્લા સહકારી સંઘના સહકારી અધિકારી પી.એમ.પરમાર અને બીજલ આર.ભાવસાર દ્વારા કરવામાં આવ્યું.



### સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત(બારડોલી)ના ઉપક્રમે

# અર્બન કો-ઓપ. ક્રેડિટ સોસાયટીના મેનેજરોનો છ દિવસીય તાલીમ વર્ગ યોજાયો

સૂરત : ગુજરાત રાજય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ તાલીમ યોજના અંતર્ગત સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી)ના ઉપક્રમે સૂરત શહેર, સૂરત/તાપી જિલ્લાની અર્બન કૉ-ઑપ. ક્રેડિટ સોસાયટીના મેનેજરોનો તાલીમવર્ગ તા. 30/06/2025 થી તા. 05/07/2025 દરમિયાન સુમૂલ ડેરી સૂરતના ઓડિટોરિયમ હોલમાં યોજાયો હતો.

આ તાલીમવર્ગનું ઉદ્દઘાટન સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરતના માનદમંત્રી શ્રી રમણભાઈ અંબેલાલ પટેલ, સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરતના ડિરેકટરશ્રી ગોરધનભાઈ લાઠીયા, શ્રી શ્રમ-દીપ અર્બન કો-ઓપ. ક્રેડિટ સોસાયટી લિ. ના મંત્રીશ્રી જીવરાજભાઈ ગોધાણી, સૂરત જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાવેશભાઈ પટેલે કર્યુ હતું.

સૂરત જિલ્લા કો-ઓપ. ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના ચેરમેનશ્રી અને શ્રી શ્રમ–દીપ અર્બન કૉ.ઑપ. ક્રેડિટ સોસાયટી લિ. ના મંત્રીશ્રી ડૉ. જીવરાજભાઈ ગોધાણીએ ક્રેડિટ સોસાયટીઓમાં એકાઉન્ટનું મહત્વ. ધી સૂરત ડિ. કો-ઓપ. બેંકના સાયબર સિક્યોરિટી મેનેજરશ્રી ધવલભાઈ પટેલે સાયબર સિક્યોરિટી, ખ્યાતનામ એડવોકેટશ્રી નરેશભાઈ નાવડિયાએ નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ 1881 ની કલમ 138 ( ચેક રીટર્ન અંગે કાર્યવાહી) નાફકબના ડિરેકટરશ્રી, સ્કોબાના વાઈસ ચેરમેનશ્રી, ધી વરાછા કો-ઓપ બેંકના ચેરમેન (BOM) શ્રી કાનજીભાઈ ભાલાળાએ લાઈફ મેનેજમેન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી રાજ




અસ્તીએ ટેક્ષેશન અને એન. પી. એ, રીટાયર્ડ જોઈન્ટ રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગાંધીનગર શ્રી જે. જે. શાહે સહકારી કાયદાની અગત્યની જોગવાઈઓ, જેવા વિષયો ઉપર મહત્ત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

સરકારશ્રીના આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ 2025 ની ઉજવણીના ભાગ રૂપે જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, સૂરત શ્રી હરેશભાઈ કાછડ અને જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ સૂરત (હાઉસિંગ) શ્રી જાસ્મીનબેન કાકડીયા હાજર રહીને સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

સૂરત જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાવેશભાઈ પટેલે તાલીમાર્થીઓના પ્રતિભાવો મેળવી જરૂરી માહિતી આપી હતી.

સદર તાલીમવર્ગમાં 55 જેટલી અર્બન કો-ઓપ. ક્રેડિટ સોસાયટીઓના 55 જેટલા મેનેજરોએ ઉત્સાહપૂર્વક તાલીમ મેળવી હતી. તાલીમવર્ગનું સંચાલન સૂરત જિલ્લા સહકારી સંઘના મહિલા સી.ઈ.આઈ. શ્રી પાર્વતીબેન પટેલે કર્યું હતું. આભારવિધિ સૂરત જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ. શ્રી વિજયભાઈ ચૌધરીએ કરી હતી.

### પર્યાવરણની સુરક્ષાની પહેલઃ ખાણીપીણીના શોખીનોએ 6000 કિલો પ્લાસ્ટિક આપી નાસ્તો કર્યો

# જૂનાગઢમાં 'પ્લાસ્ટિક આપો અને નાસ્તો કરો'ની થીમ પર છેલ્લા 3 વર્ષથી ચાલતુ દેશનું એક માત્ર કાફે

જૂનાગઢ : શહેરમાં દેશનું એકમાત્ર અનોખું કાફે છે જેને પ્લાસ્ટિક આપો અને નાસ્તો કરોની થીમ પર ત્રણ વર્ષ પહેલા શરૂ કરવામાં આવ્યું હતું. જ્યાં ખાણીપીણીનાં શોખીન લોકોએ પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફેમાં ત્રણ વર્ષમાં લગભગ 6000 કિલો પ્લાસ્ટિક આપી નાસ્તો કર્યો હતો. આ કાફે ત્રણ વર્ષ પહેલા તંત્ર દ્વારા ખુલ્લું મુકાયું હતું. જેમાં લોકોને પ્લાસ્ટિક આપવા બદલ થેપલા, આલુપરોઠા, પૌવા, વરિયાળી / સરબત, લીંબુ પાણી જેવા નાસ્તો મળી રહે છે. આ કાફેનો ઉદ્દેશ લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા તેમજ પ્લાસ્ટિકનો રિસાઈક્લિંગ કરી રી-યુઝ કરવા માટે શરૂ કરાયો હતો. તેમજ તંત્ર દ્વારા સખી મંડળના નેજા હેઠળ મહિલાઓ દ્વારા આ કાફે ચલાવવામાં આવી રહ્યું છે.

અહીં દરરોજ 10થી 15 કિલો પ્લાસ્ટિક એકત્ર કરવામાં આવી રહ્યું છે. જેની સામે લોકોને નાસ્તો મળી



રહેતો હોય છે. તેમજ આ કાફેમાં તહેવાર દરમિયાન એનજીઓ દ્વારા પણ પ્લાસ્ટિક એકત્ર કરીને આપવામાં આવે છે જેથી જરૂરિયાત મંદ લોકો પણ અહીં નાસ્તો કરવા આવી શકે.

**દેશ-વિદેશથી લોકો આવી રહ્યા છે :**

અહીં કલેકટર ઓફિસમાંથી, હોસ્પિટલોમાંથી, વકીલો સહિતના અન્ય ઘણા બધા લોકો કાયમી માટે પ્લાસ્ટિક રિસાઈક્લિંગ માટે આપી જતા હોય છે. તેમજ દેશ, વિદેશ ઉપરાંત શાળા, કોલેજ, મહિલા મંડળો અધિકારીઓ દ્વારા પણ મુલાકાત લઈ અહીંનું ઉદાહરણ પૂરું પાડે છે.

### ગણપતિપુરા દૂધ ઉત્પાદક મંડળીએ 2.5 કરોડના ખર્ચે 8 વીઘામાં હોસ્ટેલનું નિર્માણ કર્યુ

# વિસનગરના કાંસામાં રાજ્યની પ્રથમ "સહકારી' એનિમલ હોસ્ટેલ 125 શેડમાં 500 પશુ રહી શકે છે, ગામને ગંદકીમાંથી મુક્તિ મળી

વિસનગર : વિસનગર તાલુકાના કાંસા ગામની ગણપતિપરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીએ પોતાના 125 પશુપાલકો માટે 8 વીઘા જમીનમાં એનિમલ હોસ્ટેલ વિકસાવી ગુજરાતનું પ્રથમ મોડલ તૈયાર કર્યું છે. આ એનિમલ હોસ્ટેલમાં 125 શેડમાં 500 પશુઓ રહી શકે છે. પશુઓ માટે ઘાસચારો, ઉકરડા, પાણી સહિતની તમામ વ્યવસ્થા આ એક જ સ્થળે કરવામાં આવી છે. જેનો સૌથી મોટો ફાયદો ગામને એ થયો કે ગંદકીથી મુક્તિ મળી છે.

જમીન ટૂંકી થતાં પશુઓને રાખવાની વ્યવસ્થા ન હોવાથી ખેડૂતો પશુપાલન વ્યવસાયથી દૂર થતા હોવાથી મંડળીએ ગામની સીમમાં પશુપાલકો માટે રૂ.2.50 કરોડના ખર્ચે 8 વીઘા જમીનમાં એનિમલ હોસ્ટેલ બનાવી છે. પશુઓ બીમાર પડે તો તેમને સારવાર માટે અલગથી બીજદાન કેન્દ્ર પણ બનાવવામાં આવ્યું છે. જેમાં વેટરનરી તબીબ આ પશુઓને સારવાર કરે છે તેમજ બીજદાન માટે ઘોડીઓ પણ ઊભી કરાઈ છે.

**મુખ્ય હેતુ વાડા અને ઉકરડા પ્રથા બંધ કરવાનો છે :**

કાંસા દૂધ મંડળીના પ્રમુખ જશુભાઇ પટેલે જણાવ્યું કે, દરેક પશુપાલકો પાસે જગ્યા ન હોવાથી ધીરે ધીરે પશુઓ ઓછા કરતા હતા અને ઘર આગળ પશુઓ બાંધવાથી ગંદકી પણ ફેલાતી હતી. એનિમલ હોસ્ટેલ બનાવવાનો મુખ્ય આશય વાડા અને ઉકરડા પ્રથા બંધ કરવાનો છે.

**અગાઉ જગ્યા ભાડે રાખવી પડતી હતી :**

ઢોર બાંધવાની જગ્યા ન હોઇ ભાડેથી રાખવી પડતી હતી. હવે એક જ જગ્યાએ ઢોર બાંધવાની અને ઘાસચારો, બીજદાન સહિતની સગવડ મળતાં રાહત થઈ છે. ઢોર ચોરાવાની ચિંતા હવે રહેતી નથી.

રાજ્યભરમાં વિવિધ..... પાના નંબર : 3નું અનુસંધાન

આપ્યા. આ કાર્યક્રમમાં કોલેજના ખૂબ જ મોટી સંખ્યામાં તાલીમાર્થિનીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાત રાજ્ય સહકારી સંઘના સી. ઇ.આઇ.શ્રી હિતેન્દ્રસિંહ ઝાલા અને નીરૂબેન પ્રજાપતિએ કર્યું હતું.

**જૂનાગઢ જિલ્લા સહકારી સંઘ :**

જૂનાગઢ જિલ્લા સહકારી સંઘ દ્વારા સહકાર વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધાનું તાલાલા વિનિયન અને વાણિજ્ય કોલેજમાં




આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ગિર સોમનાથ જિલ્લાના જિલ્લા રજિસ્ટ્રાર ઓફિસમાંથી OS શ્રી દેવાયતભાઈ લાધે, કોલેજના પ્રિન્સિપાલશ્રી મેઘાંથી તથા કોલેજના અધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા. 1 થી 3 નંબર આવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં 50 તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સી. ઈ. આઈ.શ્રી આશ્લેષભાઈ ત્રિવેદીએ કરેલ.

**સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ :**

સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ દ્વારા હિંમતનગરની વિદ્યાનગરી કેમ્પસ કોલેજમાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લા રજિસ્ટ્રાર શ્રી એમ.આર. ત્રિવેદી તથા સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર જીગ્નેશભાઈ ચૌધરી અને વિદ્યાનગરી કેમ્પસ કોલેજના પ્રિન્સિપાલ શ્રી કે.એલ. પટેલ તેમજ અધ્યાપક ગણ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આ કાર્યક્રમનું સંચાલન




ગુજરાત રાજ્ય સહકારી સંઘના સી.ઈ.આઈ શ્રી મહેન્દ્રસિંહ રહેવર તથા મહિલા સી.ઈ.આઈ ખુશ્બુબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

**બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ :**

બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ દ્વારા પાલનપુરની સ્વસ્તિક સ્કૂલના કેમ્પસમાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લા રજિસ્ટ્રાર શ્રી ડી. વી. ગઢવી તથા બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી રમેશભાઈ એમ. પટેલ અને કસ્ટોડિયનશ્રી ગુલાબસિંહ પરમાર, ઓડિટરશ્રીઓ, સ્વસ્તિક કેમ્પસના



પ્રિન્સિપાલશ્રી તેમજ જિલ્લા સહકારી સંઘના નરેશભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજ્ય સહકારી સંઘના સી.ઈ.આઈ રસિકભાઈ પટેલ તથા મહિલા સી.ઈ.આઈ નીરૂબેન ચૌધરીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

જીસીએમએમએફ..... પાના નંબર : 4નું અનુસંધાન

ગુજરાતના 36 લાખ દૂધ ઉત્પાદકોની સંસ્થા અમૂલ-ફેડરેશનનું નાણાંકીય વર્ષ 2024-25માં વાર્ષિક ટર્નઓવર રૂ.65911 કરોડ પર પહોંચ્યું હતું. જેમાં વાર્ષિક ધોરણે 11.2 ટકાની વૃદ્ધિ થયેલ છે. આ સમયગાળા દરમિયાન અમૂલ ફેડરેશન દ્વારા 12 બિલિયન લિટરથી વધુ દૂધ ખરીદવામાં આવ્યું છે. અમૂલ બ્રાન્ડનું ટર્નઓવર રૂ.90000 કરોડ પર પહોંચ્યું છે. ભારત અને 50થી વધુ દેશોમાં 24 અબજથી વધુ પ્રોડક્ટ પેકનું વિતરણ કરીને બ્રાન્ડ ફાઈનાન્સ યુકે દ્વારા અમૂલને વિશ્વની સૌથી મજબૂત ફૂડ અને ડેરી બ્રાન્ડ તરીકે માન્યતા અપાઈ છે.

આંતરરાષ્ટ્રીય સહકાર સપ્તાહ 2025 અંતર્ગત

# રાજ્યભરમાં વિવિધ કૉલેજોમાં સહકારી વિષય પર નિબંધ લેખન અને વક્તૃત્વ સ્પર્ધાઓ યોજાઈ

**આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ - 2025ના સંદર્ભે આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ અને 1- જુલાઈ 2025થી 6 - જુલાઈ, 2025 આંતરરાષ્ટ્રીય સહકાર સપ્તાહ અંતર્ગત તેમજ ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ અને તાલીમ કાર્યક્રમ અંતર્ગત વિવિધ જિલ્લાઓમાં જિલ્લા સહકારી સંઘો અને રાજ્ય સહકારી સંઘ સંચાલિત સહકારી વ્યવસ્થાપન કેન્દ્રો દ્વારા કૉલેજોમાં સેમિનાર, નિબંધ લેખન અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.**

## અમરેલી જિલ્લા સહકારી સંઘ :

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલીની કે.કે. પારેખ કોમર્સ



કોલેજ ખાતે અમર ડેરીના અધ્યક્ષ શ્રી અશ્વિનભાઈ સાવલિયાની અધ્યક્ષતામાં યુવાનોમાં સહકાર પ્રત્યેની જાગ્રતા આવે તેવા ઉમદા હેતુથી સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષશ્રી જયંતીભાઈ પાનસુરીયા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ શ્રી સંદીપભાઈ અણ્યાળીયા, અમરેલી જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ શ્રી ભાર્ગવકુમાર ત્રિવેદી, કે. કે. પારેખ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલશ્રી પાનસુરીયા મેડમ, અમરેલી જિલ્લા સહકારી સંઘના યુથ સમિતિના ડાયરેક્ટરશ્રી રાજભાઈ જાની, અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના મેનેજરશ્રી સુરેશભાઈ સંઘાણી, પ્રોફેસરશ્રી જે. એમ. તળાવિયા, અમરેલી જિલ્લા સહકારી સંઘના સી. ઈ. આઈ શ્રી સાગરભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડ જિલ્લા સહકારી સંઘ :

વલસાડ જિલ્લા સહકારી સંઘ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, શ્રી નવસારી, ગણદેવી સુગર ફેક્ટરી, ગડત સેવા



સહકારી મંડળની લિ. અને ગડત કેળવણી મંડળના ઉપક્રમે શ્રી અંબિકા હાઈસ્કુલ ગડત મુકામે કરવામાં આવી. આ પ્રસંગે હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ દેશના આર્થિક વિકાસમાં સહકારી ક્ષેત્રની ભૂમિકા પર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી વિજેતાઓને શિલ્ડ અને રોકડ રકમ એનાયત કરાયા. નવસારી જિલ્લા રજિસ્ટ્રાર શ્રી ધૃવિનભાઈ પટેલ, ગણદેવી સુગર ફેક્ટરીના ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ મૂકેશભાઈ પટેલે અને વલસાડ જિલ્લા સહકારી સંઘના મહિલા CEI ગીતાબેન પટેલે, અંબિકા કેળવણી મંડળના ગડતના ટ્રસ્ટી નરેન્દ્રભાઈ નાયકે પ્રાસંગિક પ્રવચન કર્યું. ગુજરાત રાજ્ય સહકારી સંઘના પ્રતિનિધિ સુમનભાઈ નાયક ઉપસ્થિત રહ્યાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા છાયાબેન નાયકે કર્યું.

વલસાડ જિલ્લા સહકારી સંઘ અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડ દ્વારા એન.આર.રાઉત હાઈસ્કૂલ નાનાપોંઢા, તા.કપરાડા, જિ.વલસાડ મુકામે સહકારી સેમિનાર અને નિબંધ સ્પર્ધા યોજવામાં આવી. સંઘના માનદમંત્રી શ્રી અમિતભાઈ પટેલ, એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ગીરીશભાઈ પટેલ. હાઈસ્કૂલના આચાર્ય શ્રી વિનોદભાઈ રાઉત, શિક્ષક શ્રી ઉમેશભાઈ ચૌધરી અને ઉષાબેન પટેલે માહિતી, માર્ગદર્શન આપ્યા હતા. નિબંધ સ્પર્ધામાં અનુક્રમે પ્રથમ, દ્વિતીય, અને તૃતીય પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સી.ઈ.આઈ. શ્રી રાજેશભાઈ એ. બાગુલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ખેડા જિલ્લા સહકારી સંઘ, નડિયાદ :

ખેડા જિલ્લા સહકારી સંઘ, નડિયાદના ઉપક્રમે શ્રી કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય, પીજ અને આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ



મહેમદાવાદ મુકામે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પીજ મુકામે ખેડા જિલ્લા સહકારી સંઘ, નડિયાદના ચેરમેન શ્રી રાજેન્દ્રભાઈ પટેલ તથા સંઘનાં એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભરતભાઈ સોલંકી તથા શાળાના આચાર્યશ્રી દ્વારા નિબંધ લેખનમાં વિજેતા થયેલ વિદ્યાર્થિનીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. જ્યારે મહેમદાવાદમાં સહકારી શિક્ષણ અધિકારી શ્રી પી.એમ.પરમાર તથા કોલેજના પ્રિન્સિપાલ શ્રી સેમ મેથ્યુસર તથા અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક અમિતાબેન આચાર્ય દ્વારા નિબંધ લેખનમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. આ બંને કાર્યક્રમનું સંચાલન ગુજરાત રાજ્ય સહકારી સંઘના મ.સી.ઈ.આઈ હર્ષાબેન વાઘેલા તથા સી.ઈ.આઈ શ્રી અક્ષયભાઈ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, અમદાવાદ :

ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, અમદાવાદ દ્વારા તા. 2 જુલાઈ અને 4 જુલાઈ 2025ના રોજ 'સહકારી જાગૃતિ કાર્યક્રમ' "Cooperative Connect Program for Youth' અંતર્ગત અમદાવાદ શહેરની વિવિધ કોલેજોમાં સહકાર વિષયક પ્રસ્તુતિ અને માર્ગદર્શન કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ કાર્યક્રમ ગુજરાત રાજ્ય સહકારી સંઘના માર્ગદર્શન હેઠળ ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, અમદાવાદ કેન્દ્રના



પ્રિન્સિપાલ શ્રી જય ઠક્કર તેમજ અનુભવી લેકચરો સુશ્રી દીપશિખા ઠાકુર, શ્રી રોનક પટેલ અને ડો. ફાલ્ગુની પટેલ દ્વારા વિદ્યાર્થીઓને સુપ્રસિદ્ધ વિવિધ સહકારી મંડળીઓ તેમજ સહકારમાં રહેલી તકો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓને સહકારી સંસ્થાઓનું બંધારણ, કાર્યપદ્ધતિ, પ્રાથમિક કૃષિ સહકારી સંસ્થાઓ (PACS), સહકારી બેંકો અને સહકારના વિવિધ મોડેલ્સ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા પેઢીમાં સહકારી વિચારધારાની જાગૃતિ ફેલાવવાનો તેમજ તેમના સારા ભવિષ્ય માટેની તકોથી વાકેફ કરવાનો હતો.

## પંચમહાલ જિલ્લા સહકારી સંઘ :

પંચમહાલ જિલ્લા સહકારી સંઘ, ગોધરાના ઉપક્રમે એમ & વી આર્ટ્સ & કોમર્સ કોલેજ હાલોલમાં વકતૃત્વ સ્પર્ધાનો કાર્યક્રમ પંચમહાલ જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રીમતી પારૂલબેન સોલંકી તથા કોલેજના



પ્રિન્સિપાલ ડૉ.યશવંત શર્મા તથા સંઘના સી.ઇ. આઇ શ્રી દેવેન્દ્રસિંહ સોલંકી અને કોલેજના અધ્યાપકગણ તથા જિલ્લા તથા રાજ્યસંઘના કર્મચારીઓ અને વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

## ભાવનગર જિલ્લા સહકારી સંઘ :

ભાવનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા સિહોરની શ્રી ગોપીનાથજી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સહકારી શૈક્ષણિક સેમિનાર સાથે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોલેજના 12 વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. તેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા જાહેર થયેલ તાલીમાર્થી વિદ્યાર્થીની બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તાલીમાર્થીઓને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ભાવનગર જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી નીપાબેન મહેતા, સંઘના



માનદમંત્રીશ્રી ગંગારામભાઈ રાજ્યગુરુ, જિલ્લા સંઘના ડાયરેક્ટરશ્રી રમેશભાઈ રાઠોડ, ગોપીનાથજી મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી યોગેશભાઈ જોશી, કોલેજના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી દિલીપ જોશી, ભાવનગર જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના મેનેજરશ્રી કિરીટભાઈ ભટ્ટ, ભાલ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળીના MDશ્રી ભૂમિબેન દેવમુરારી અને સંઘના એક્ઝિ.ઑફિસરશ્રી જયંતભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. અને તમામ મહેમાનશ્રીઓએ પ્રસંગોચિત વક્તવ્ય

અનુસંધાન..... પાના નં. - 2

# ખેતી બેંક દ્વારા સહકાર વિષય ઉપર વિદ્યાર્થી માટે સેમિનાર

અમદાવાદ : સરદાર વલ્લભભાઈ પટેલની 150 મી જન્મ જયંતી અને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ 2025ની ઉજવણીના પ્રસંગે ખેતી બેંક, અમદાવાદ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે પ્રસિદ્ધ કે. એન. યુનિવર્સિટી, ગોતા અમદાવાદ ખાતે બી. બી. એ. અને એમ. બી. એ.ના વિદ્યાર્થીઓ માટે સહકાર વિષય ઉપર સેમિનાર યોજવામાં આવેલ. યુથને કો-ઓપરેટિવ સાથે જોડવા અને વિકસિત ભારતનુ ભવિષ્ય બને તે હેતુથી પ્રોત્સાહિત કરવામાં આવેલ. વ્યાખ્યાન બાદ કે.એન. યુનિવર્સિટીના વિદ્યાથીઓનો ક્વિઝ ટેસ્ટ લેવામાં આવેલ. ક્વિઝમાં પ્રથમ ત્રણ ક્રમાંકના વિદ્યાર્થીઓને ખેતી બેંક તરફથી ઈનામો આપવામાં આવેલ. કે. એન. યુનિવર્સિટી તરફથી આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણી પ્રસંગે આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કર્યા હતા. કે.એન. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી બિપીનભાઈ પટેલ અને ખેતી બેંકના ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચાની પ્રેરણાથી આ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અને તેમના દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ. ખેતી બેંકના જોઈન્ટ એમ. ડી. દ્વારા સહકાર વિશે વિદ્યાર્થીઓને સુંદર માર્ગદર્શન આપેલ. કે. એન. યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર અને રજિસ્ટ્રાર દ્વારા આ કાર્યક્રમનું સફળતા પૂર્વક આયોજન અને સંચાલન કરેલ.



રાષ્ટ્રીય સહકારિતા નીતિનો..... પાના નંબર : 1નું અનુસંધાન

સુધીમાં સહકાર દ્વારા સમૃદ્ધિ લાવીને વિકસિત ભારતનું નિર્માણ કરવાનું છે. આ નીતિનું મિશન વ્યાવસાયિક, પારદર્શક, ટેકનોલોજી-સક્ષમ, જવાબદાર અને નાણાકીય રીતે સ્વતંત્ર અને સફળ નાના સહકારી એકમોને પ્રોત્સાહન આપવાનું છે, અને દરેક ગામમાં ઓછામાં ઓછું એક સહકારી એકમ સ્થાપિત કરવાનું છે. સહકારી ક્ષેત્ર માટે નિર્ધારિત ધ્યેય પ્રાપ્ત કરવા માટે છ સ્તંભો નક્કી કરવામાં આવ્યા છે, જેમાં સમાવેશ થાય છે - પાયો મજબૂત બનાવવો, જીવંતતાને પ્રોત્સાહન આપવું, સહકારી સંસ્થાઓને ભવિષ્ય માટે તૈયાર કરવી, સમાવેશકતાને પ્રોત્સાહન આપવું અને પહોંચનો વિસ્તાર કરવો, નવા ક્ષેત્રોમાં વિસ્તરણ કરવું અને યુવા પેઢીને સહકારી વિકાસ માટે તૈયાર કરવી.

કેન્દ્રીય સહકારિતા મંત્રીએ કહ્યું હતું કે પ્રવાસન, ટેક્સી, વીમા અને ગ્રીન એનર્જી જેવા ક્ષેત્રો માટે સહકારિતા મંત્રાલયે એક વિગતવાર યોજના તૈયાર કરી છે. ખાસ કરીને ટેક્સી અને વીમા ક્ષેત્રમાં, ખૂબ જ ટૂંકા સમયમાં એક મહાન શરૂઆત કરવામાં આવશે. નવા ઉભરતા ક્ષેત્રોમાં સહકારી એકમોની ભાગીદારીનો અર્થ એ છે કે સફળ સહકારી એકમો એક થશે અને એક નવું સહકારી એકમ બનાવશે, જે નવા ક્ષેત્રોમાં કામ શરૂ કરશે. તેનો નફો આખરે એકમો દ્વારા ગ્રામીણ સ્તરના PACS ના સભ્યો સુધી પહોંચશે. આ રીતે, અમારો ઉદ્દેશ્ય એક મોટો અને મજબૂત સહકારી ઈકોસિસ્ટમ બનાવવાનો છે. ઉપરાંત, ભવિષ્યની પેઢીઓ માટે સહકારને દેશના વિકાસનું મહત્વપૂર્ણ માધ્યમ બનાવવા માટે એક દૃઢ વિશ્વાસ સ્થાપિત કરવાનો પણ અમારો ઉદ્દેશ્ય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકાર સહકારી સંસ્થાઓને દરેક ક્ષેત્રમાં 24 કલાક મદદ કરવા તૈયાર છે. જોકે, એકમોએ પોતાને મજબૂત બનાવવાં પડશે. આ માટે, 83 હસ્તક્ષેપ બિંદુઓ ઓળખવામાં આવ્યા છે, જેમાંથી 58 મુદ્દાઓ પર કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને ત્રણ મુદ્દાઓનો સંપૂર્ણ અમલ કરવામાં આવ્યો છે. બે મુદ્દા એવા છે જે સતત ચાલુ રહેવાના છે, એટલે કે, તેમને સતત અમલમાં મૂકવાના છે. બાકીના મુદ્દાઓ પર હવે નવી પહેલ કરવામાં આવશે. જ્યારે બધા રાજ્યો આ નીતિને કાળજીપૂર્વક લાગુ કરશે, ત્યારે એક સર્વસમાવેશક, આત્મનિર્ભર અને ભવિષ્યલક્ષી મોડેલ બનાવવામાં આવશે, જે દેશની સહકારી વ્યવસ્થાને નવો આકાર આપશે.

કેન્દ્રીય સહકારિતા મંત્રીએ કહ્યું હતું કે વર્ષ 2034 સુધીમાં દેશના GDPમાં સહકારી ક્ષેત્રના યોગદાનને ત્રણ ગણું વધારવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. આ એક મોટું લક્ષ્ય છે, પરંતુ તેના માટે સંપૂર્ણ તૈયારી કરવામાં આવી છે. 50 કરોડ નાગરિકો, જેઓ હાલમાં સહકારી ક્ષેત્રના સક્રિય સભ્યો નથી અથવા બિલકુલ સભ્ય નથી, તેમને સહકારી ક્ષેત્રના સક્રિય સભ્ય બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. સહકારી મંડળીઓની સંખ્યામાં 30 ટકાનો વધારો કરવાનો લક્ષ્યાંક છે. હાલમાં 8 લાખ 30 હજાર મંડળીઓ છે, અને તેમાં 30 ટકાનો વધારો કરવામાં આવશે. દરેક પંચાયતમાં ઓછામાં ઓછું એક પ્રાથમિક સહકારી એકમ હશે, જે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS), પ્રાથમિક ડેરી, પ્રાથમિક મત્સ્યઉદ્યોગ સમિતિ, પ્રાથમિક બહુહેતુક PACS અથવા અન્ય પ્રાથમિક એકમ હોઈ શકે છે. આ દ્વારા યુવાનો માટે રોજગારની તકો પણ વધારવામાં આવશે. તેમણે કહ્યું હતું કે પારદર્શિતા, નાણાકીય સ્થિરતા અને સંસ્થાકીય વિશ્વાસ વધારવા માટે દરેક એકમને સશક્ત બનાવવું પડશે. આ માટે, એક ક્લસ્ટર અને દેખરેખ પ્રણાલી પણ વિકસાવવામાં આવશે. મોડેલ સહકારી ગામ સૌપ્રથમ ગાંધીનગરમાં શરૂ કરવામાં આવ્યું હતું અને તે નાબાર્ડની પહેલ છે. રાજ્ય સહકારી બેંકો દ્વારા દરેક તાલુકામાં પાંચ મોડેલ સહકારી ગામો સ્થાપિત કરવાના પ્રયાસો કરવામાં આવશે. શ્વેત ક્રાંતિ 2.0 દ્વારા મહિલાઓની ભાગીદારીને તેની સાથે જોડવામાં આવશે. બે સમિતિઓ દ્વારા આ બધી યોજનાઓને જમીન પર લાગુ કરવા માટે એક રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળ સહકાર મંત્રાલય આ નીતિને સંપૂર્ણપણે અમલમાં મૂકવા માટે તૈયાર છે. તેનો અમલ જમીની સ્તરે કરવામાં આવશે. આગામી બે દાયકામાં દરેક નાના એકમ સુધી ટેકનોલોજી પહોંચવા અને ગામડાઓના સામાજિક-આર્થિક માળખામાં મોટો ફેરફાર લાવવા માટે આ નીતિમાં મહત્વપૂર્ણ તત્વોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોમ્પ્યુટરાઈઝેશન દ્વારા કામગીરી સંપૂર્ણપણે બદલાશે, જે પારદર્શિતા વધારશે અને ક્ષમતામાં વધારો કરશે. સહકારી ક્ષેત્રમાં સ્પર્ધા, નાણાકીય સ્થિરતા, પારદર્શિતા અને પડકારોનો સામનો કરવા માટે સુગમતા પ્રદાન કરવા માટે દેખરેખ પદ્ધતિ દ્વારા આનો અમલ પાયાના સ્તરે કરવામાં આવશે. ઉપરાંત, દર 10 વર્ષે કાયદામાં જરૂરી ફેરફારો કરવાની વ્યવસ્થા કરવામાં આવશે.

આત્મનિર્ભર ભારતના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે, અમે આ સહકારી નીતિ દ્વારા ગ્રામીણ, કૃષિ ઈકોસિસ્ટમ અને દેશના ગરીબોને દેશના અર્થતંત્રનો ખૂબ જ વિશ્વસનીય ભાગ બનાવવા માટે કામ કરીશું. અમે દરેક રાજ્યમાં સંતુલિત સહકારી વિકાસ માટે એક રોડમેપ પણ તૈયાર કર્યો છે. આ સહકારી નીતિ દૂરદર્શી, વ્યવહારુ અને પરિણામલક્ષી છે. આ નીતિના આધારે, આપણા દેશની સહકારી ચળવળ 2047માં દેશની સ્વતંત્રતાની શતાબ્દી સુધી આગળ વધશે. સહકાર દ્વારા સમૃદ્ધિના ધ્યેય માટે, GDPમાં વૃદ્ધિની સાથે, રોજગાર અને વ્યક્તિના આત્મસન્માનને પણ લક્ષ્ય બનાવવામાં આવ્યું છે અને સભ્ય-કેન્દ્રિત મોડેલનો પાયો નાખવામાં આવ્યો છે. સહકારનો ઉદ્દેશ સભ્યોનું કલ્યાણ હોવો જોઈએ અને આ નીતિ તેના આધારે બનાવવામાં આવી છે. આ નીતિ દેશના આર્થિક વિકાસમાં મહિલાઓ, યુવાનો, આદિવાસી અને દલિતોની ભાગીદારી વધારવા માટે તકો બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. અમે ખાતરી કરીશું કે સારી શિડ્યુલ્ડ કો-ઓપરેટિવ બેંકો વાણિજ્યિક બેંકોની સમકક્ષ બનાવવામાં આવે અને તેમની સાથે ક્યાંય બીજા વર્ગના નાગરિક તરીકે વ્યવહાર ન કરવામાં આવે. વૈશ્વિક સ્તરે વિસ્તરણ કરવા અને આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચવા માટે નિકાસ સહકારી સંસ્થા બનાવી છે. ટેકનોલોજી પર આધારિત પારદર્શક વ્યવસ્થાપન માટે PACS નું મોડેલ બનાવવામાં આવ્યું છે અને આગામી દિવસોમાં, દરેક પ્રકારની સહકારીમાં ટેકનોલોજી પર આધારિત પારદર્શક વ્યવસ્થાપન ગોઠવવામાં આવશે. અમે પર્યાવરણીય ટકાઉપણું અને 'સહકારી સંસ્થાઓમાં સહકાર' દ્વારા આગળ વધીશું.

મોદી સરકારનો ઉદ્દેશ્ય દેશમાં એવું સહકારી ક્ષેત્ર બનાવવાનો છે જેમાં યુવાનો શ્રેષ્ઠ શિક્ષણ લઈ શકે અને કો-ઓપરેટિવમાં કારકિર્દી બનાવે. આ સહકારી નીતિ સહકારી ક્ષેત્રની બધી સમસ્યાઓ હલ કરવાની, આગામી 25 વર્ષ માટે આ ક્ષેત્રનો વિકાસ કરવાની અને આ ક્ષેત્રને અર્થતંત્રના વિકાસ સાથે સંબંધિત તમામ ક્ષેત્રોની સમકક્ષ બનાવવાની ક્ષમતા ધરાવે છે. તમામ રાજ્યોએ કોઈપણ રાજકીય મતભેદ વિના મોડેલ બાયલોઝ અપનાવ્યા છે. અત્યાર સુધીમાં 45 હજાર નવા PACS બનાવવાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે, PACS ના કોમ્પ્યુટરાઈઝેશનનું કામ પણ પૂર્ણ થઈ ગયું છે અને PACS સાથે ઉમેરાયેલા 25 નવા કામોમાંથી દરેક કામમાં થોડી પ્રગતિ થઈ છે. અત્યાર સુધીમાં PM જન ઔષધિ કેન્દ્ર માટે 4108 PACS ને મંજૂરી આપવામાં આવી છે, 393 PACS એ પેટ્રોલ અને ડીઝલના રિટેલ આઉટલેટ્સ માટે અરજી કરી છે, 100 થી વધુ PACS એ LPG વિતરણ માટે અરજી કરી છે અને આ સાથે, PACS દરેક ઘરમાં નળના પાણીના સંચાલન અને PM સૂર્ય ઘર યોજના વગેરે માટે પણ કામ કરી રહ્યા છે.

આ બધા કામો માટે પ્રશિક્ષિત માનવશક્તિ માટે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીનો પાયો પણ નાખવામાં આવ્યો છે. આ વર્ષના અંત સુધીમાં અમે 'સહકાર ટેક્સી' પણ લાવીશું. જેમાં નફો સીધો ડ્રાઈવરને જશે. આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ માટે પણ અમે ભારતના લક્ષ્યો નક્કી કર્યા છે અને તેમને છેવાડાના લોકો સુધી પહોંચાડવા માટે કામ કર્યું છે.

અમે સહકારી ક્ષેત્રમાં સરકારના મોડેલને ધીમે ધીમે મજબૂત બનાવી રહ્યા છીએ. બીજ અને ઓર્ગેનિક ઉત્પાદનોના નિકાસ, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ માટે ત્રણ બહુ-રાજ્ય સહકારી મંડળીઓની રચના કરી છે. શ્વેત ક્રાંતિ 2.0 આગામી દિવસોમાં ગ્રામીણ વિકાસનો એક મોટો સ્તંભ બનશે અને અમે તેમાં મહિલાઓની ભાગીદારી પ્રમુખ રહે તે દિશામાં કાર્ય કરી રહ્યા છીએ. પ્રધાનમંત્રી મોદીજીએ ખૂબ જ દૂરંદેશી સાથે સહકારી મંત્રાલય બનાવ્યું છે અને તેનો ઉદ્દેશ્ય સમાજના દરેક વર્ગને આગળ લઈ જવાનો અને વિકાસને સર્વાંગી અને સમાવિષ્ટ બનાવવાનો હતો. આ સહકારી નીતિ આગામી 25 વર્ષ માટે સહકારી ક્ષેત્રને સુસંગત, યોગદાન આપનાર અને ભવિષ્યનું ક્ષેત્ર બનાવશે.

બારડોલીમાં નાગરિક..... પાના નંબર : 4નું અનુસંધાન

80P, કલમ 10(1), કલમ 44AB વગેરે વિષે વિગતવાર માહિતી આપી હતી. તેમની પ્રસ્તુતિ સહકારી સંસ્થાઓના કાર્યકર્તાઓ માટે ખૂબ જ ઉપયોગી અને માર્ગદર્શક સાબિત થશે, સેમિનાર દરમિયાન સહકારી ક્ષેત્રની નીતિઓ, સંચાલન પ્રક્રિયાઓ,ટેકનોલોજી અપગ્રેડેશન તથા સભ્યોને વધુ સક્રિય રીતે જોડવા માટેના ઉપાયો વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

સહકારના મંચ પર આવી પ્રકારની પ્રવૃત્તિઓથી નાની સહકારી સંસ્થાઓ વધુ મજબૂત બને અને સહકારની મૂળ ભાવના વધુ સ્ફૂર્તિવાન બને એ મહત્વપૂર્ણ હેતુ રહ્યો. કાર્યક્રમનું સંચાલન સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાવેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતે આભારવિધિ સંઘના એકાઉન્ટન્ટ શ્રી કનુભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં બારડોલી નાગરિક બેંક અને અર્બન ક્રેડિટ સોસાયટીઓના ક્રેડિટ સોસાયટીઓના અંદાજિત 225 જેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

# જીસીએમએમએફ-અમૂલના ચેરમેન-વાઈસ ચેરમેનની સર્વાનુમતે વરણી

આણંદ : અમૂલ ફેડરેશન તરીકે જાણીતા ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ-જીસીએમએમએફના ચેરમેન અને વાઈસ ચેરમેનપદ માટે ચૂંટણી યોજવામાં આવી હતી.

સ્થાપનાકાળથી જ ઈલેક્શનના બદલે સિલેક્શનની ચાલતી આવતી પરંપરા અનુસાર જીસીએમએમએફ-અમૂલના ચેરમેન તરીકે મહેસાણાની દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી અને વાઈસ ચેરમેન તરીકે રાજકોટની ગોપાલ ડેરીના ચેરમેનશ્રી ગોરધનભાઈ ધામેલિયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

જીસીએમએમએફ-અમૂલના આણંદ ખાતેના મુખ્ય મથકે ગુજરાત સરકારના સહકારી મંડળીના રજિસ્ટ્રારની ઉપસ્થિતિમાં ચૂંટણી અધિકારી અને આણંદ કલેક્ટર પ્રવીણ ચૌધરી દ્વારા હાથ ધરાયેલી ચૂંટણી પ્રક્રિયામાં જીસીએમએમએફ-અમૂલ સાથે જોડાયેલા ગુજરાતના 18 ડેરી સંઘના ચેરમેન ઉપસ્થિત રહ્યા હતા. ચૂંટણી પ્રક્રિયામાં જીસીએમએમએફ-અમૂલના ચેરમેનપદ માટે મહેસાણાની દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીના


શ્રી અશોકભાઈ ચૌધરી
ચેરમેન, જીસીએમએમએફ

નામનો પ્રસ્તાવ સાબરકાંઠાની સાબર ડેરીના ચેરમેનશ્રી શામળભાઈ પટેલ દ્વારા મૂકાતા અમરેલીની અમર ડેરીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ સાવલિયા દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. વાઈસ ચેરમેનપદ માટે રાજકોટની ગોપાલ ડેરીના ચેરમેનશ્રી ગોરધનભાઈ ધામેલિયાના નામની દરખાસ્ત કચ્છની સરહદ ડેરીના ચેરમેન શ્રી વલમજી હુંબલ દ્વારા મૂકાતા અમદાવાદની ઉત્તમ ડેરીના ચેરમેનશ્રી મોહનભાઈ ભરવાડ દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું.

અનુસંધાન પાના નંબર : 2



# સરકાર દ્વારા ડેરી ક્ષેત્રના વિકાસ માટે ફેરફારો લાવવામાં આવશે : શ્રી અમિતભાઈ શાહ

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે દિલ્હીમાં આયોજિત 'સહકાર સંવાદ'માં આ ક્ષેત્રે ભાવિ આયોજનો વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકાર ડેરી ક્ષેત્રમાં ઘણા ફેરફારો લાવી રહી છે. આગામી સમયમાં, સહકારી ડેરીઓ પ્રાણીઓના ખોરાક અને આરોગ્યનું સંચાલન અને ગાયના છાણનો ઉપયોગ કરીને આવક વધારશે. દેશભરમાં આ દિશામાં ઘણા નાના પ્રયોગો થયા છે. બધા પ્રયોગોનું સંકલન કરીને પરિણામો દરેક સહકારી સંસ્થાને મોકલવામાં આવી રહ્યા છે.



ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે ગુજરાત, રાજસ્થાનના સહકારી કાર્યકરોને જણાવ્યું કે, સેવા નિવૃત્તિ પછી હું શેષ જીવન - વેદો, ઉપનિષદોના અધ્યયન અને પ્રાકૃતિક ખેતીને સમર્પિત કરીશ. પ્રાકૃતિક ખેતી એક વૈજ્ઞાનિક પ્રયોગ છે, જે અનેક રીતે ફાયદાકારક છે. ફર્ટિલાઈઝરવાળા ઘઉં ખાવાથી કેન્સર થાય છે. મેં મારા ખેતરમાં પ્રાકૃતિક ખેતી અપનાવી છે અને ઉત્પાદન દોઢ ગણુ વધ્યું છે.

હું ગૃહમંત્રી બન્યો તો લોકો મને કહેતા કે મોટો વિભાગ તમને મળ્યો છે. સરદાર પટેલ આ પદ પર હતા તો આ મોટી વાત છે, પરંતુ જે દિવસે મને સહકાર મંત્રી બનાવવામાં આવ્યો તો મને સમજાયું કે ગૃહમંત્રી કરતાં આ મોટું પદ છે.

### ગ્રામીણ ભારતની માથાદીઠ આવકમાં વધારો લાઈફસ્ટાઈલ પણ બદલાઈ ગઈ

# શહેરમાં નાબાર્ડનો 44મો સ્થાપના દિવસ ઉજવાયો

અમદાવાદ : શહેરમાં નાબાર્ડના 44મા સ્થાપના દિવસની ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમમાં રાજ્યસભા સાંસદશ્રી રમીલાબેન બારા મુખ્ય અતિથિ તરીકે તેમજ 'યોજક'ના અધ્યક્ષ અને વરિષ્ઠ સામાજિક કાર્યકર ડૉ. ગજાનન ડાંગે પણ હાજર રહ્યા હતા. ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કરાયું હતું. સાંસદશ્રી બારાએ જણાવ્યું કે નાબાર્ડના સ્થાપના દિવસની ઉજવણી ગ્રામીણ ભારતના વિકાસનો ઉત્સવ છે. સરકાર ગરીબોને આત્મનિર્ભર બનાવવા માટે ઘણી યોજનાઓ ચલાવી રહી છે અને આ સંદર્ભમાં નાબાર્ડ પાસે એવી દિશા છે જેના દ્વારા ગ્રામીણ ભારતની સ્થિતિ સકારાત્મક રીતે બદલી શકાય છે. ગુજરાતના વિવિધ પ્રદેશોમાંથી બૅન્કો અને કૃષિ સંસ્થાઓના પ્રતિનિધિઓનું સ્વાગત કરતાં શ્રી બી. કે. સિંઘલે જણાવ્યું કે ઘણાં કારણોસર, ખેતી પ્રવૃત્તિઓમાં મહિલાઓની ભાગીદારી વધી રહી છે. ખેતીનું સ્ત્રીકરણ થયું છે પરંતુ ખેતીની માલિકીના સ્ત્રીકરણ, ગ્રામીણ લોનના સ્ત્રીકરણ અને ઉત્પાદક જૂથોના સ્ત્રીકરણ (FPO, OFPO) માટે આપણે ઘણી લાંબી મજલ કાપવાની છે.



### અમેરિકા બાદ કેનેડા, યુરોપ, દુબઈમાં અમૂલનું વિસ્તૃતીકરણ થશે

# અમૂલ ડેરી આણંદનું ટર્નઓવર રૂ.12911 કરોડથી વધી 14015 કરોડ થયું

આણંદ : અમૂલ ડેરીએ 2021-22માં ભેંસ દૂધના ભાવ પ્રતિ લિટરે રૂા. 51.74થી વધારી હાલ રૂા. 63.53 કરતાં રૂા. 11.79નો (23 ટકા) વધારો થયો છે. ગાયના દૂધના ભાવ પ્રતિ લિટરે રૂા. 35.93 હતો જે 8.19 વધીને હાલ રૂા. 44.12 થયો છે.

અમૂલ ડેરીના ચેરમેનશ્રી વિપુલભાઈ પટેલે અહેવાલ રજૂ કરતા જણાવ્યું છે કે, સંઘ દ્વારા દૂધના ભાવ પ્રતિ કિલો ફેટે 2022-23માં રૂા. 900 ચૂકવ્યા હતા જે 23 ટકા વધારીને 2024-25માં રૂા. 1,028 ચૂકવાયા છે. સંઘનું ટર્નઓવર 2023-24માં રૂા. 12,911 કરોડથી વધીને 2024-25માં 14,015 કરોડ જેટલું થતા 36 ટકા જેટલો વધારો થયો છે. સંઘ અને જીસીએમએમએફના સંયુક્ત પ્રયાસથી અમેરિકામાં દૂધ વિતરણ કરાય છે. હવે કેનેડા, યુરોપ, દુબઈમાં પણ અમૂલનું વિસ્તૃતીકરણ કરાશે.

**દૂધના ભાવ પ્રતિ કિલો ફેટે 2022-23માં રૂા. 900થી વધારી 2024-25માં 1,028 ચૂકવાયા**

# બારડોલીમાં નાગરિક સહકારી બેંકો અને ક્રેડિટ સોસાયટીઓના હોદ્દેદારો માટે સેમિનારનું સફળ આયોજન

સુરત : સુરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી) દ્વારા 19 જુલાઈ, 2025ના રોજ નાગરિક સહકારી બેંકો તથા અર્બન કો-ઓપ. ક્રેડિટ સોસાયટીઓના હોદ્દેદારો માટે વિશિષ્ટ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ 2025ની ઉજવણીના ભાગરૂપે યોજાયો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મહાનુભાવોમાં સંઘના અધ્યક્ષશ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ, માનદમંત્રીશ્રી રમણભાઈ અંબેલાલ પટેલ, ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંકના ચેરમેન શ્રી બળવંતભાઈ કલ્યાણભાઈ પટેલ, સ્કોબાના ચેરમેનશ્રી ગૌતમભાઈ ઉમિયાશંકર વ્યાસ, સંઘના ડિરેક્ટરશ્રી ગોરધનભાઈ રામજીભાઈ લાઠીયા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રી મિતીશભાઈ મોદી, શ્રી સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજના પ્રમુખશ્રી મુકેશભાઈ વનમાળીભાઈ પટેલએ પણ વિશિષ્ટ ઉપસ્થિતિ નોંધાવી હતી.

સેમિનારના શુભારંભમાં સ્વાગત પ્રવચન સંઘના ડિરેક્ટર શ્રી બાબુભાઈ વનમાળીભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક ઉદ્દબોધન ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંકના ચેરમેન શ્રી બળવંતભાઈ કલ્યાણભાઈ પટેલ અને સ્કોબાના ચેરમેન શ્રી ગૌતમભાઈ ઊમિયાશંકર વ્યાસ તથા સંઘના અધ્યક્ષશ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું. જેમાં તેમણે સહકારી ઉદ્યોગની વર્તમાન પરિસ્થિતિ, ભાવિ દિશાઓ તથા સુક્ષ્મ સહકારી સંસ્થાઓના સશક્તીકરણ પર ભાર આપ્યો હતો.

સેમિનારમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી મિતીશભાઈ મોદી દ્વારા ઈન્કમટેક્ષ વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમણે સહકારી સંસ્થાઓ માટે લાગુ પડતી વિવિધ કલમો - જેવી કે કલમ

અનુસંધાન..... પાના નં. - 3




## ગુજરાત રાજ્ય સહકારી સંઘ

"સહયોગ" (તિલક) રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૨૫૩૫૨૨૨૦, ફેક્સ (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
Website : www.gscu.in • E-mail : gscu@rediffmail.com

# ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ પરીક્ષાનું પરિણામ

જા.નં.ઈ/758/2025-26 તારીખ 11/07/2025

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ સંચાલિત વ્યવસ્થાપન કેન્દ્રો - કામરેજ ચાર રસ્તા (જિ.સુરત), નડિયાદ (જિ. ખેડા), મહેસાણા, નારી (જિ.ભાવનગર), રાજકોટ અને અમદાવાદના આશ્રયે માહે માર્ચ - 2025 દરમ્યાન લેવામાં આવેલ ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ પરીક્ષાનું પરિણામ નીચે મુજબ છે.

**[1] શ્રી દયાળજીભાઈ ગો.પટેલ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, કામરેજ ચાર રસ્તા, કામરેજ, જિ.સુરત.**

| | | |
|---|---|---|
| પ્રથમ વર્ગ વિશેષ યોગ્યતા બેઠક નંબર | : 15. | 01 |
| પ્રથમ વર્ગ બેઠક નંબર | : 1,2,6,7,9,10,11,19,20,23. | 10 |
| દ્વિતીય વર્ગ બેઠક નંબર | : 3,4,13,17,18,21,22. | 07 |
| તૃતીય વર્ગ બેઠક નંબર | : 5. | 01 |
| | કુલ ઉત્તિર્ણ | : 19 |
| | નાપાસ | : 04 |
| | કુલ | : 23 |
| કેન્દ્રનું પરિણામ | : 82.60 % | |

**[2] શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મું.નડિયાદ જિ.ખેડા.**

| | | |
|---|---|---|
| પ્રથમ વર્ગ વિશેષ યોગ્યતા બેઠક નંબર | : 2,4,8,18,30. | 05 |
| પ્રથમ વર્ગ બેઠક નંબર | : 1,7,9,10,11,12,14,25,34. | 09 |
| દ્વિતીય વર્ગ બેઠક નંબર | : 15,17,22,23,24,28,35. | 07 |
| તૃતીય વર્ગ બેઠક નંબર | : 36X. | 01 |
| | કુલ ઉત્તિર્ણ | : 22 |
| | નાપાસ | : 04 |
| | કુલ | : 26 |
| કેન્દ્રનું પરિણામ એક્સ સાથે | : : 84.61 % | |
| કેન્દ્રનું પરિણામ એક્સ સિવાય | : : 84.00 % | |

**[3] શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મું.નારી,(ભાવનગર)**

| | | |
|---|---|---|
| પ્રથમ વર્ગ વિશેષ યોગ્યતા બેઠક નંબર | : -------- નથી ----------- | 00 |
| પ્રથમ વર્ગ બેઠક નંબર | : 2,3,4,6,7,8,9,10,11,12,13,14,16,17, 18,19,20,21,22,24,25,31,35,38,39,40, 42,45,47,48. | 30 |
| દ્વિતીય વર્ગ બેઠક નંબર | : 1,5,15,23,26,28,29,33,34,36,37,44,46. | 13 |
| તૃતીય વર્ગ બેઠક નંબર | : 49X,50X,51X,52X,53X, | 05 |
| | કુલ ઉત્તિર્ણ | : 48 |
| | નાપાસ | : 04 |
| | કુલ | : 52 |
| કેન્દ્રનું પરિણામ એક્સ સાથે | : 92.30% | |
| કેન્દ્રનું પરિણામ એક્સ સિવાય | : 91.49% | |

**[4] શ્રી ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, રાજકોટ**

| | | |
|---|---|---|
| પ્રથમ વર્ગ વિશેષ યોગ્યતા બેઠક નંબર | : 5,19,29. | 03 |
| પ્રથમ વર્ગ બેઠક નંબર | : 2,3,7,8,10,15,16,17,20,21,23,24,27, 28,30. | 15 |
| દ્વિતીય વર્ગ બેઠક નંબર | : 9,11,12,14,18,25. | 06 |
| તૃતીય વર્ગ બેઠક નંબર | : ----------- નથી ------------ | 00 |
| | કુલ ઉત્તિર્ણ | : 24 |
| | નાપાસ | : 00 |
| | કુલ | : 24 |
| કેન્દ્રનું પરિણામ | : 100.00% | |

**[5] શ્રી ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મહેસાણા.**

| | | |
|---|---|---|
| પ્રથમ વર્ગ વિશેષ યોગ્યતા બેઠક નંબર | : 7,12,19,21,30,37. | 06 |
| પ્રથમ વર્ગ બેઠક નંબર | : 2,3,4,5,6,13,14,15,16,17,20,26,31,32, 33,34,36,38,39,40,41,42,43,44,45,46,47. | 27 |
| | કુલ ઉત્તિર્ણ | : 33 |
| | નાપાસ | : 01 |
| | કુલ | : 34 |
| દ્વિતીય વર્ગ બેઠક નંબર | : ------- નથી ---- | |
| તૃતીય વર્ગ બેઠક નંબર | : -------- નથી ------- | |
| કેન્દ્રનું પરિણામ | : 97.06 % | |

**[6] ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, જિ.અમદાવાદ**

| | | |
|---|---|---|
| પ્રથમ વર્ગ વિશેષ યોગ્યતા બેઠક નંબર | : 3,8,26. | 03 |
| પ્રથમ વર્ગ બેઠક નંબર | : 4,6,9,10,11,21,23,24,25,27,28. | 11 |
| દ્વિતીય વર્ગ બેઠક નંબર | : 2,5,22. | 03 |
| તૃતીય વર્ગ બેઠક નંબર | : 12,30X. | 02 |
| | કુલ ઉત્તિર્ણ | : 19 |
| | નાપાસ | : 00 |
| | કુલ | : 19 |
| કેન્દ્રનું પરિણામ એક્સ સાથે | : 100.00 % | |
| કેન્દ્રનું પરિણામ એક્સ સિવાય | : 100.00 % | |

(ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી)
એક્ઝિક્યુટિવ ઓફિસર